**ફોજદારી કેસ નં.૫૪૯/૨૦૧૮**

**<u>– : આંક–૧ નીચે હુકમ :–</u>**

(૧) પોલીસ દવારા રજુ કરેલ ચાર્જશીટ તેમજ તે લગત કેસ પેપર્સ વંચાણે લીધા.

(૨) પ્રસ્તુત કેસમાં તપાસ કરનાર અમલદાર દવારા આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૮૮ મુજબના ગુનાનુ તપાસના આધારે ચાર્જશીટ કરવામાં આવેલ છે. ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ મુજબ ઈ.પી.કોની કલમ–૧૮૮ મુજબનો ગુનો કોગ્નીઝેબલ ગુનો છે. પરંતુ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ વંચાણે લેતા ઈ.પી.કોની કલમ–૧૭૨થી ૧૮૮ હેઠળના ગુનાઓમાં સબંધીત રાજય સેવક/અધીકારી કે વહીવટ તરીકે તેમના ઉપરના અધીકારી દવારા લેખિત ફરીયાદ દાખલ કરવામાં ન આવે ત્યાં સુધી કોર્ટ આ ગુનાઓનુ સંજ્ઞાન લઈ શકે નહી. પ્રસ્તુત કેસની ચાર્જશીટ મુજબ આરોપીએ પોલીસ કમિશ્નરશ્રીનાઓએ પ્રસિધ્ધ કરેલ જાહેરનામાનો ભંગ કરેલાનુ જણાવેલ છે. પરંતુ હાલના કેસમા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ વંચાણે લેતાં પોલીસ કમિશ્નરશ્રી કે તેઓના ઉપરી અધીકારી દવારા કોર્ટમા લેખિત ફરીયાદ કરવામાં આવેલ નથી.

(૩) દોલતરામ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર ૧૯૬૨ એસ.સી પેજ નંબર ૧૨૦૬માં નામદાર સુપ્રિમ કોર્ટ દવારા એવુ ઠરાવવામાં આવેલ છે કે, મેજીસ્ટ્રેટ દવારા પોલીસ રીપોર્ટ ઉપર લેવામા આવેલ સંજ્ઞાનમાં આરોપી તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય અને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫નો બાધ લાગુ પડતો હોય તો આવી સજા મેજીસ્ટ્રેટની હકુમત વિના ગણાય અને કાર્યવાહી વોઈડ એબ ઈનીશ્યો ગણાય.

(૪) નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા રામજી ભીખા કોળી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૯ સી.આર.એલ.જે ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫મા જણાવેલ ગુનાઓમાં લેખિત ફરીયાદ કરવી ફરજીયાત છે.

(૫) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ તથા ઉપરોકત ચુકાદા મુજબ ઈ.પી.કો. કોડની કલમ–૧૮૮ ના ગુનામાં પોલીસ ચાર્જશીટ ફાઈલ કરી શકે નહી. તેમજ આવા ચાર્જશીટને કોર્ટ ફરીયાદ તરીકે પણ લઈ શકે નહી. પ્રસ્તુત કેસમાં કોર્ટ દવારા આરોપીને સમન્સ કાઢવામાં આવેલ છે પરંતુ પોલીસ દવારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ ઉપર ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫નો બાધ નડતો હોય, હાલના કેસને ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ચાર્જશીટ દફતર કરવાનો હુકમ કરવામાં આવે છે.
હુકમ આજ રોજ તારીખ ૨૨મી, માહે એપ્રીલ, ૨૦૧૮ના રોજ ખુલ્લી નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૨/૦૪/૨૦૧૮**
અમદાવાદ(ગ્રામ્ય)

**(રાકેશ લલિત ગુપ્તા)**
UIC No GJ01371
૭માં જયુડી.મેજી.ફ.ક
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.